## તાઃ ૨૬/૧૨/૨૨ઃ પૂ.પ્રા. તથા ધો ૧ થી ૧૧ (વિ.પ્ર,સા.પ્ર) (અં.મા.) ૫૨૮ વિદ્યાર્થીઓનો સેવા,સંસ્કાર,સંસ્કૃતિ વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો.

બાળકનાં અભ્યાસની સાથે સાથે તેમનામાં રહેલી આંતરિક શકિતને ઉજાગર કરવા બાળકોને ભારતીય સંસ્કૃતિથી પરિચિત કરાવવા શાળામાં પૂ.પ્રા. તથા ધો ૧ થી ૧૧ ( વિ.પ્ર, સા.પ્ર ) ( અં.મા. )ના વિદ્યાર્થીઓનો સેવા, સંસ્કાર, સંસ્કૃતિ વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો.જેમા **૫૨૮** વિદ્યાર્થીઓએ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઈન્ડિયન ફેસ્ટીવલ, લોક નૃત્ય, સેવ એન્વાયરમેન્ટ, સોશિયલ અવેરનેસ, ગુડ મેનર્સ, રામાયણ વગેરે વિષયો ઉપર કુલ **૧૮** કૃતિઓ નાટક અને ગીત સ્વરૂપે રજૂ કરી હતી. જેમાં વર્ગનાં બધા જ વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યા હતા.

શાળાનાં શિક્ષક અરવિંદભાઇ પરમાર કે જેઓ નાટય ક્ષેત્રે ઉત્તમ અભિનય આપે છે તેમણે પોતાના હૃદયસ્પર્શી અભિનયથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.આ કાર્યક્રમનાં ઉદઘાટક તરીકે **મા.શ્રી દિનેશભાઇ પંડયા** ( અધ્યક્ષશ્રી ગુ.રા.શા.સં.મંડળ ) તથા અન્ય મહેમાનો **શ્રી આકાશ ભીલ ( ગુજરાતી ફીલ્મ એકટર ),મોની પટેલ( ગુજરાતી ફીલ્મ એકટર ) તથા મા.શ્રી અજય મિશ્રા (જિલ્લા મહામંત્રી વિ.હિ.પ),શ્રી અશોકભાઇ બારોટ,શ્રીમતિ ભારતીબેન પટેલ,હેમેન્દ્ર પ્રજાપતિ** ( નગર પાલિકા કાઉ. ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સાથે શાળાનાં **પ્રમુખ મા.શ્રી જયંતિભાઇ ડી. પંચાલ** તથા શાળાનાં **મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ** તેમના પરિવાર સાથે ઉપસ્થિત રહયા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરુ પાડયુ હતું.

આ પ્રસંગે ગુજરાતી ફિલ્મ જગતમાં શ્રેષ્ઠ અભિનય કરનાર અને શાળાનું ઘરેણુ એવા શિક્ષક **શ્રી અરવિંદભાઇ પરમારનું**, શાળાના **પ્રમુખ મા. શ્રી જે.ડી પંચાલ સાહેબ**નાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. પ્રા.શાળાનાં નિવૃત આચાર્ય અને શાળાનાં વાલીશ્રી **કાશીબેન પટેલનું મંજુલાબેન**નાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનાં કન્વીનર તરીકે પૂર્વાબેન પ્રજાપતિ, શીલાબેન કરમોકર, હેમાક્ષી મૈસુરીયા, ધ્વની શાહ, એલ.ડી ભારદ્વાજ, સ્નેહાબેન, ચારૂલબેન વગેરે શિક્ષક મિત્રોનાં સહકારથી કામગીરી નીભાવી હતી. બાળકોનાં કલાત્મક વિકાસ માટે શાળાનાં ડાયરેકટર શ્રી ડો.ભગુભાઇ પ્રજાપતિ, આચાર્યા વિદ્યાબેન રાણાએ સુંદર આયોજન કર્યુ.







### શાળાનાં વાલીશ્રી જતીનભાઇ પરમારનો સાંસ્કૃતિક કાર્યક્રમ અંગે વિચાર મંથન (પ્રતિભાવ)

**તા. ૨૭-૧૨-૨૨**

પંડિત ઓમકારનાથ કલાભવનમાં નારાયણ વિદ્યાલયના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમમાં એક વાલી તરીકે અનહદ આનંદ લૂંટયો. ખૂબ મજા આવી. આખો હોલ ખીચોખીચ ભરેલો વાલીઓએ ઊભા રહીને તથા જયાં જગ્યા મળી ત્યાં બેસીને પણ બાળકોની પ્રતિભાને નિહાળતાં જોવા મળ્યાં હતાં. અહીયા એવી કેટલીક બાબતો નિહાળી જે મારા માટે નોંધપાત્ર રહી જે આપ સૌ સાથે વહેંચુ છું. એક પ્રેક્ષક, પિતા તરીકે બેઠો પરંતુ કલાપ્રેમી જીવ મારો એક પછી એક મંચ ઉપર થતાં નયનરમ્ય નૃત્યો અને નાટકોની જબરજસ્ત પ્રસ્તુતિ જોઇ ખૂબ જ આનંદિત થયા.

બધાં જ નાટકના પાત્રેને ખૂબ જ ધ્યાનથી નિહાળ્યાં જે પાત્રોએ કોઇ ડાયલોગ બોલવાનો ન હતો. માત્ર અભિનય કરવાનો હતો. એવા વિદ્યાર્થીઓ મતબલ જે પ્રજા( પબ્લીક ) બનેલા વિદ્યાર્થીઓનો અભિનય એમનું ઊભુ થવું, બેસી જવું કયારે કેવું બેસવું ? અને બેઠાં બેઠાં વાતો કરવી લાજવાબ હતું. જેમના પક્ષે ડાયલોગ હતાં એ વિદ્યાર્થીઓનો અભિનય પણ ખૂબ સરસ રહ્યો.અહીયા મારી નજર સમક્ષ મહત્વપૂર્ણ પાત્રો શિક્ષકો અને વિદ્યાર્થીઓ.

દરેક બાળકમાં અલગ-અલગ પ્રકારની સર્જન શકિત હોય છે. દરેક વિદ્યાર્થીને સર્જક તરીકે જોવાનો દ્રષ્ટિકોણ દરેક શિક્ષકનો હોવો જોઇએ. સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો શ્રી ચીમનભાઇ પરમાર સાહેબ સાથે શિક્ષિકા બહેનોનું સંચાલન ખૂબ સારું હતું.પ્રિન્સીપાલ સાહેબશ્રી ભગુભાઇ પ્રજાપતિ તથા મહેમાનોનું વકતવ્ય ખૂબ સરસ.અમૂક શિક્ષિકા બહેનોની સાદગી તથા વ્યવસ્થાપન કળાએ ધ્યાન કેન્દ્રિત કર્યુ. આખરે અંદર ઊગતી પ્રતિભાઓને અંદર સુધી માણી.

**લિ. જતીન પરમાર ( અભિગમ ), ભરૂચ**

## **તાઃ ૩૧/૧૨/૨૨ઃ પૂ.પ્રા. તથા ધો- ૧થી ૪ ગુજરાતી માધ્યમના ૫૦૦ વિદ્યાર્થીઓનો સેવા, સંસ્કાર, અને સંસ્કૃતિ વિષય ઉપર ભવ્ય બાલોત્સવ યોજાયો.**

શાળાનાં નાના બાળકોમાં શરૂઆતથી જ જીવન મૂલ્યોનું ઘડતર થાય, ધાર્મિક સદ્ભાવના જાગૃત થાય, સુટેવો વિકસે એ હેતુથી શાળાનાં ગુજરાતી માધ્યમનાં પૂ.પ્રા. તથા ધો- ૧થી ૪ ગુજરાતી માધ્યમના ૫૦૦ વિદ્યાર્થીઓનો સેવા, સંસ્કાર, અને સંસ્કૃતિ વિષયપર ૧૮ અલગ અલગ કૃતિઓની રજૂઆત થય જેમાં ગુરૂ, માતા-પિતાનું ઋણ, શિવ ભકિત, પ્રાણી પ્રેમ, કૃષ્ણલીલા, યોગા, ભારતના તહેવારો, ઐતિહાસિક પાત્રો વગેરે ઉપર વૈવિધ્યપૂર્ણ વિષયો સાથે કૃતિઓ રજૂ થઇ હતી.

આ શુભ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી. આર.વી.પટેલ સાહેબ(ચેરમેન ઓફ ચાઇલ્ડ વેલ્ફેર કમિટી, પૂર્વ પ્રમુખશ્રી ભરૂચ નગરપાલિકા), મા.શ્રી. વિનોદભાઇ ગોર(ગુજરાતથી ગોવા ફિલ્મના કલાકાર), કિરણબેન ગોર, દિલીપભાઇ પરીખ (પ્રમુખલક્ષ્મી નારાયણનગર), મુકેશભાઇ પટેલ (સેવાભાવી કાર્યકર નારાયણનગર) ઉપસ્થિત રહ્યા હતાં. અતિથિ વિશેષ તરીકે શ્રી કાશીભાઇ પટેલ શ્રીમતિ ધનુબેન કાશીભાઇ પટેલ,શ્રી કિશોરભાઇ મોદી,શ્રી રવિકાંત મહેતા (લીગલ એડવાઇઝર અંકલેશ્વર કોર્ટ),શ્રી સુહાગભાઇ મહેતા,શ્રીમતિ સુધાબેન મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત મહેમાન શ્રી આર. વી પટેલ તેમજ મા.શ્રી. વિનોદભાઇ ગોર** ખૂબ જ પ્રેરક ઉદબોધન થકી નાના બાળકોની કળાને બિરદાવતા પ્રોત્સાહન પૂરુ પાડયું હતું.

વિશેષમાં આ કાર્યક્રમમાં ૮૦ વર્ષ સુધીની વય ધરાવતા વડીલો દાદા દાદીના સન્માનનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. નાનાં બાળકોનાં જીવન ઘડતરમાં દાદા દાદીનું ઘણું મોટું યોગદાન હોય છે. તેમના આ કાર્ય ને બિરદાવતાં વડીલોનું સન્માન કરાયું હતું. **શ્રી મધુસુદન ગાંધી (ઉંમર ૭૮ વર્ષ), શ્રીમતિ અનસુયાબેન ભટ્ટ (ઉંમર ૮૩ વર્ષ),કમળાબેન પરમાર (ઉંમર ૮૦ વર્ષ), શ્રી કાલુભાઇ પરમાર તેમના ધર્મ પત્ની શ્રીમતિ જસુમતિબેન પરમાર, શ્રી માનસંગભાઇ સુતરીયા (ઉંમર ૮૧ વર્ષ),ગોમતીબેન પરમાર, શ્રીમતિ કંચનબેન રાણા (ઉંમર ૭૮ વર્ષ)** વગેરેનું ભાવ પૂર્વક સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત વડીલોની આંખોમાં ખુશીના આંસુ જોવા મળ્યા.

આ કાર્યક્રમનાં કન્વીનર તરીકે ભકિતબેન, નયનાબેન, શીતલબેન, હેમાબેન, રેખાબેન વગેરે શિક્ષકોએ ખૂબ સારી કામગીરી કરી હતી. જેમાં ઈ.આચાર્યા **શ્રીમતિ બિનીતાબેન ગોહિલ** અને ડાયરેક્ટર **શ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ**ના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું હતું.









